# Official Spokesperson's response to media queries regarding the situation in Afghanistan

August 16, 2021

---

# અફઘાનિસ્તાનની સ્થિતિ અંગે મીડિયાના પ્રશ્નો વિશે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ઓગસ્ટ 16, 2021

**અફઘાનિસ્તાનની સ્થિતિ અંગે મીડિયાના પ્રશ્નો વિશે જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું,**

"કાબુલમાં સુરક્ષાની પરિસ્થિતિ છેલ્લા કેટલાક દિવસમાં અત્યંત કથળી છે. આપણે વાત કરી રહ્યા છીએ ત્યારે પણ તે ઝડપથી બદલાઈ રહી છે.

2. ભારત સરકાર અફઘાનિસ્તાનમાં થતી તમામ હિલચાલ પર બારીક નજર રાખી રહી છે. અમે ત્યાં રહેતા ભારતીય નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે સમયાંતરે માર્ગદર્શિકા બહાર પાડી છે, જેમાં તેમને તાત્કાલિક ભારત પરત ફરવા પણ જણાવાયું છે. અમે ઈમરજન્સી કોન્ટેક્ટ નંબર બહાર પાડ્યા હતા અને સમુદાયના સભ્યોને પણ મદદ આપી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે હજુ કેટલાક ભારતીય નાગરિકો અફઘાનિસ્તાનમાં છે જેઓ પાછા ફરવા માંગે છે અને અમે તેમની સાથે સંપર્કમાં છીએ.

3. અમે અફઘાન શીખ અને હિંદુ સમુદાયોના પ્રતિનિધિઓ સાથે સંપર્કમાં છીએ. જેઓ અફઘાનિસ્તાન છોડવા માંગતા હોય તેમને ભારત લાવવા માટે સુવિધા આપીશું. એવા પણ ઘણા અફઘાનિસ્તાની છે જેઓ પરસ્પર વિકાસ, શિક્ષણ અને લોકોથી લોકો વચ્ચેના સંબંધ પ્રોત્સાહીત કરવામાં અમારા ભાગીદાર છે. અમે તેમની પડખે છીએ.

4. કાબુલ એરપોર્ટ પરથી કોમર્શિયલ ઉડાનો આજે બંધ કરવામાં આવી છે. તેના કારણે લોકોને પરત લઈ આવવાના આપણા પ્રયાસોને અસર થઈ છે. અમે આ પ્રક્રિયા ફરી શરૂ કરવા માટે ફ્લાઈટ ફરી શરૂ થાય તેની રાહ જોઈએ છીએ.

5. અફઘાનિસ્તાનની સ્થિતિ પર ઉચ્ચ સ્તરે સતત નજર રાખવામાં આવ રહી છે. અફઘાનિસ્તાનમાં ભારતીય નાગરિકો અને આપણા હિતોની સુરક્ષા અને સલામતી માટે સરકાર તમામ પગલાં લેશે."

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 16, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release